પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૭૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૯-૦૭-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દેશના ૧૫માં રાષ્ટ્રપતિની પસંદગી માટે મતદાન થયું, PM નરેન્દ્ર મોદીએ પણ મતદાન કર્યું

### અનેક રાજયોમાં ક્રોસ મતદાન થયું હોવાના અહેવાલો




નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ ચૂંટણી ૨૦૨૨ માટે આજે સવારે ૧૦ વાગ્યાથી મતદાન શરૂ થયું જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલ્યું હતું એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને વિપક્ષના જોઈન્ટ ઉમેદવાર યશવંત સિન્હા પડકાર આપી રહ્યા છે. દેશના ૧૫માં રાષ્ટ્રપતિ માટે આજે મતદાન થઈ છે. સંસદ અને રાજ્યની વિધાનસભાઓમાં મતદાન થઈ છે.

સવારે પીએમ મોદી પણ મતદાન કરવા માટે સંસદ ભવન પહોંચ્યા. જ્યાં તેમણે મતદાન કર્યુ. વડાપ્રધાન બાદ કેન્દ્રીય મંત્રીઓ વિવિધ પક્ષોના સાંસદોએ મતદાન કર્યું હતું રાષ્ટ્રપતિની ચુંટણી માટે વિવિધ રાજયોની વિધાનસભામાં પણ મતદાન સવારના ૧૦ વાગ્યાથી શરૂ થયું હતું.જેમાં ધારાસભ્યોએ મતદાન કર્યુ હતું.સુત્રોના જણાવ્યા અનુસાર કેટલાક રાજયોમાં ક્રોસ મતદાન પણ થયું છે.ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુની જીત તેમજ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર પ્રથમ વખત આદિવાસી મહિલાનો તાજ નિશ્ચિત છે. ૨૭ પક્ષોના સમર્થન સાથે દ્રૌપદી મુર્મુનો હાથ ઉપર છે. તે જ સમયે, માત્ર ૧૪ પક્ષોના સમર્થનથી, સિંહાને લગભગ ૩.૬૨ લાખ મત મળવાની અપેક્ષા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાનો મત આપ્યો.પૂર્વ પીએમ અને કોંગ્રેસના સાંસદ મનમોહન સિંહ વ્હીલચેર પર સંસદમાં આવ્યા અને તેમણે સહાયકોની મદદથી ભારતના રાષ્ટ્રપતિ પદ માટે થઈ રહેલી ચૂંટણી માટે મતદાન કર્યું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પોતાનો મત આપ્યો હતો આવી જ રીતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભામાં પોતાનો મત આપ્યો.સંસદ ભવન સંકુલના પહેલા માળે આવેલ રૂમ નંબર ૬૩ને મતદાન મથક તરીકે બદલી દેવામાં આવ્યો હતો જયારે રાજ્યની વિધાનસભાઓમાં પણ એક સાથે મતદાન થઈ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની વિધાનસભામાં પણ મતદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીમાંથી અલગ થઈને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી બનાવનારા શિવપાલ યાદવે પણ ચોંકાવનારું નિવેદન આપતા કહ્યું કે નેતાજી (મુલાયમ સિંહ યાદવ)ને આઈએસઆઈના એજન્ટ કહેનારા (વિપક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર યશવંત સિન્હા)નું અમે ક્યારેય સમર્થન કરી શકીએ નહીં. સપાના કટ્ટર નેતા, નેતાજીના સિદ્ધાંતોનું પાલન કરનારા આવા આરોપ લગાવનારા ઉમેદવારનું ક્યારેય સમર્થન કરશે નહીં. યુપીમાં સપાના બરેલીના ભોજીપુરાના ધારાસભ્ય શહજીલ ઈસ્લામે રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે.

ઓડિશાના કોંગ્રેસના ધારાસભ્ય મોહમ્મદ મુકીમે દાવો કર્યો છે કે તેમણે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. તેમણે કહ્યુ કે આ તેમનો વ્યક્તિગત નિર્ણય છે અને તેમણે તેમના અંતરાત્માનો અવાજ સાંભળ્યો છે અને દ્રૌપદી મુર્મૂને મત આપ્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ક્રોસ વોટિંગનો જે ડર હતો આખરે તે જ થયું. ગુજરાતમાં પ્રથમ ક્રોસ વોટિંગ થયું છે. એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાએ ક્રોસ વોટિંગ કર્યુ. કાંધલ જાડેજાએ એનડીએ ઉમેદવારને મત આપ્યો હોવાનો દાવો કર્યો છે. એનસીપીએ રાષ્ટ્રીય સ્તરે યશવંત સિંહાને સમર્થન આપ્યુ છે. કાંધલ જાડેજા એ કુતિયાણાથી એનસીપીના ધારાસભ્ય છે. તેમણે ક્રોસ વોટિંગ કરતા કહ્યુ કે, મેં બીજેપીના ઉમેદવારને વોટ આપ્યો છે. મતદાન વચ્ચે વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાએ મોટું નિવેદન આપ્યું અને કહ્યું કે આ ચૂંટણી મહત્વપૂર્ણ છે. આ ચૂંટણી નક્કી કરશે કે લોકતંત્ર છે કે નહીં. આ સાથે જ સાંસદો અને ધારાસભ્યોને કહ્યું કે તમારા અંતરાત્માનો અવાજ સાંભળો અને પ્રજાતંત્રને બચાવવા માટે મતદાન કરો.

રાષ્ટ્રપતિની ચૂંટણી ઈલેક્ટોરલ કોલેજ દ્વારા કરવામાં આવે છે. ઈલેક્ટોરલ કોલેજમાં સંસદના બંને ગૃહ એટલે કે લોકસભા અને રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો અને તમામ વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો સામેલ હોય છે. તમામ સાંસદો અને ધારાસભ્યોને 'ઈલેક્ટોરલ કોલેજ' કહેવામાં આવે છે અને તેમાંથી દરેક જણને 'ઈલેક્ટર' કહેવામાં આવે છે. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દરેક સાંસદના વોટની વેલ્યૂ સમાન હોય છે, ઉત્તર પ્રદેશના ધારાસભ્યોના મતનું મૂલ્ય ૨૦૮ છે, જયારે ઝારખંડ અને તમિલનાડુના ધારાસભ્યોના મત ૧૭૬ છે. તે મહારાષ્ટ્રમાં ૧૭૫, સિક્કિમમાં સાત, નાગાલેન્ડમાં નવ અને મિઝોરમમાં આઠ છે. જો મુર્મુ આ ચૂંટણી જીતે છે અને રાષ્ટ્રપતિ બને છે, તો તે આ ટોચના પદ પર પહોંચનાર આઝાદી પછી જન્મેલા પ્રથમ નેતા હશે.

## અમદાવાદ શહેરમાં આપના કાર્યકરોએ વડાપ્રધાન મોદીના મફત રેવડીના નિવેદનનો વિરોધ કર્યો





અમદાવાદ,

વડાપ્રધાન મોદી દ્વારા દેશમાં મફતની રેવડી વહેંચીને વોટ મેળવવાનું કલ્ચર લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ રેવડી કલ્ચર દેશના વિકાસ માટે ઘણું જ ઘાતક છે. આ રેવડી કલ્ચરથી દેશના લોકોએ સાવધ રહેવાની જરૂર છે. તેવા નિવેદનને લઈ આજે અમદાવાદમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન AAPની એક મહિલા બે મહિલા પોલીસકર્મીઓને ભારે પડી હતી. પોલીસે ટીંગાટોળી કરીને તેમની ધરપકડ કરી હતી.


વિરોધ પ્રદર્શનને પરમિશન ન હોવાથી કાગડાપીઠ પોલીસ દ્વારા ૪૦થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. મફત રેવડી વહેચણીના નિવેદનના પગલે આજે આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદના રાયપુર વિસ્તારમાં બિગ બજાર પાસે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જોકે કાર્યક્રમ યોજાય તેની પહેલાં જ પોલીસ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા કાર્યકર્તાઓ અને નેતાઓની અટકાયત શરૂ કરી દીધી હતી.

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઈસુદાન ગઢવી અને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા ની આગેવાનીમાં કાર્યક્રમ યોજાવાનો હતો જેમાં ઈસુદાન ગઢવી હાજર રહ્યા ન હતા પરંતુ મનોજ સોરઠીયા અને મહિલાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભારત માતાકી જય, ઈક્લાબ જીન્દાબાદ લડેંગે જીતેંગે નારા લગાવ્યા હતા. વિરોધ પ્રદર્શનના કાર્યક્રમને પરમિશન ન હોવાથી કાગડાપીઠ પોલીસ દ્વારા તેઓની અટકાયત કરવામાં આવી હતી ૧૦થી વધુ મહિલાઓ અને ૩૦થી વધુ પુરુષોની પોલીસે અટકાયત કરી હતી.

પોલીસે ટીંગાટોળી કરી અને તમામ કાર્યકર્તાઓને નેતાઓને વાનમાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. વિરોધ પ્રદર્શન ના કાર્યક્રમમાં થોડી રમુજ પણ ઉત્પન્ન થઈ હતી આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકરોની અટકાયત કરવા માટે બે મહિલા પોલીસ કર્મચારીઓને સાથે રાખવામાં આવી હતી. બંને મહિલા પોલીસ કર્મચારી ભેગા થઈ અને એક મહિલાને પકડી અને વાનમાં બેસાડવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ મહિલા કાર્યકર દ્વારાએ બંને મહિલા પોલીસ કર્મચારીઓને ખેંચતા તેઓ આગળ આવી ગયા હતા. આવા દ્રશ્યો સર્જાતાં ત્યાં હાજર રહેલા લોકોમાં પણ થોડા સમય માટે હસી મજાક ઉત્પન્ન થઈ હતી.

## નર્મદામાં બસની જળસમાધી

## ઈન્દોરથી પુના જઈ રહેલી બસ ખાલઘાટની પાસે નર્મદા નદીમાં પડતા ૧૩ના લોકોના મોત, બસમાં ૫૫ લોકો હતાં



ધાર,

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં સોમવારે સવારે ઈન્દોર-ખરગોનની વચ્ચે મોટો અકસ્માત થયો છે. ઈન્દોરથી પુના જઈ રહેલી બસ સવારે લગભગ પોણા દસ વાગ્યે ધામનોદમાં ખાલઘાટની પાસે નર્મદામાં પડી હતી. બસમાં મહિલાઓ-બાળકો સહિત ૪૦ મુસાફરો સવાર હતા. અત્યાર સુધીમાં ૧૩ શબને બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ હજી થઈ શકી નથી. ગૃહમંત્રી નિરોત્તમ મિશ્રાએ કહ્યું કે ૧૫ મુસાફરોને જીવતા બહાર કાઢવામાં આવ્યા છે.

બસ ખલઘાટમાં ટૂ-લેન પુલ પર કોઈ- વાહનનો ઓવરટેક કરતી વખતે અનિયંત્રિત થઈ ગઈ હતી. ડ્રાઈવરે સંતુલન ગુમાવી દીધું હતું અને રેલિંગ તોડીને બસ નદીમાં પડી હતી. ઘટનાની માહિતી મળતા જ ખલઘાટ સહિત આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચી ગયા છે. ઈન્દોર અને ધારથી દ્રહઈહ્નની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. આ પુલ જુનો હોવાનું કહેવાઈ રહ્યું છે. બસ મહારાષ્ટ્ર રાજયના ટ્રાન્સપોર્ટ વિભાગની છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહે ચૌહાણે પ્રશાસનને બચાવ અને રાહત કાર્ય ઝડપી કરવાનો આદેશ આપ્યો છે.મુખ્યમંત્રીએ મૃતક પરિવારો પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યકત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટનાને લઈ ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

દુર્ઘટના આગ્રા-મુંબઈ હાઈવે પર ઘટી હતી. આ રોડ ઈન્દોરથી મહારાષ્ટ્રને જોડે છે. ઘટના સ્થળ ઈન્દોરથી ૮૦ કિલોમીટર દૂર છે. જે સંજયુ સેતુ પુલથી બસ પડ, તે બે જિલ્લા-ધાર અને ખરગોનની સીમા પર છે. પુલનો અડધો હિસ્સો ખાલઘાટ(ધાર) અને અડધો હિસ્સો ખલટાકા(ખરગોન)માં છે. ખરગોનથી કલેક્ટર અને એસપી પણ ઘટના સ્થળે પણ પહોંચ્યા હતાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ૧૫ લોકોને બચાવવામાં આવ્યા છે જયારે અત્યાર સુધી ૧૩ લોકોના શબ બહાર કાઢવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે બસમાં મુસાફરી કરી રહેલ લોકો પાસેથી મળેલી માહિતી અનુસાર બસમાં ૫૫ જેટલા લોકો સવાર હતાં બાકીના લોકોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.તેમણે કહ્યું હતું કે આ ઘટનામાં મૃત્યુ આંક વધે તેવી સંભાવના છે.

ખલઘાટ ટોલ નાકેની હાઈવે એમ્બ્યુલન્સના ડ્રાઈવર શ્રીકૃષ્ણ વર્માએ જણાવ્યું કે હું ડ્યુટી પર હતો. સવારે ૧૦.૦૩ વાગ્યે કન્ટ્રોલ રૂમમાંથી કોલ આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે પુલ પરથી એક બસ નર્મદામાં પડી ગઈ છે. માહિતી મળ્યાની ૩ મિનિટની અંદર જ અમે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. નદીમાંથી અત્યાર સુધીમાં એક પણ વ્યક્તિ જીવિત કે ઘાયલ કાઢવામાં આવ્યો નથી. બસને નદીમાંથી કાઢી લેવામાં આવી છે.

બસ એમએચ ૪૦ એન ૯૮૪૮ સવારે ૯થી ૯.૧૫ વાગ્યે ખાલઘાટથી ૧૨ કિલોમીટર પહેલા દૂધી બાયપાસના કિનારે એક હોટલે રોકાઈ હતી. હોટલ માલિકે જણાવ્યું કે અહીં ૧૨-૧૫ મુસાફરોએ ચા-નાસ્તો કર્યા હતા. બાકીના લોકો અંદર જ બેઠા હતા. અંદર કેટલા લોકો બેઠા હતા, તેનો ખ્યાલ નથી. જોકે બસમાં ૩૦થી ૩૫ લોકો હતા.

## વિદ્યા સહાયકની ભરતી મુદે સરકારના પરિપત્ર પર રોક લગાવવાની અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,

વિદ્યા સહાયક ભરતી મુદ્દે હાઈકોર્ટમાં થયેલી અરજી મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સરકારના પરિપત્ર પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી છે. વિદ્યા સહાયક ભરતી મુદ્દે થયેલી અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી, સીઆરસી ડેપ્યુટેશન પરથી પરત ફરે ત્યારે એની જગ્યાએ રખાયેલ વિદ્યા સહાયકોને ફાજલ જાહેર કરી શકાશે આ પહેલા સીઆરસી પોતાની પોસ્ટ પર પરત ફરે ત્યારે જો એ જગ્યાએ નિમણૂંક થયેલી હોય તો સીઆરસીને નજીકના તાલુકા કે જિલ્લામાં બદલી અપાતી હતી. જો કે સરકારે કરેલા પરિપત્ર બાદ હવે સીઆરસી ડેપ્યુટેશન પરથી પરત ફરે ત્યારે એ પોતાની પોસ્ટ પર રહેશે અને એના બદલે નિયુક્ત કરાયેલા વિદ્યા સહાયક ફાજલ જાહેર થશે. આથી, હજારો વિદ્યા સહાયકોને આ હુકમની અસર થશે. ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે અગાઉ વિદ્યાસહાયકોની બદલી મુદ્દે રાજ્ય સરકારે બહાર પાડેલા પરિપત્ર પર રોક લગાવી હતી. મહત્વનું છે કે, વિદ્યાસહાયકોની બદલી સમયે નોકરીના વર્ષોની સિનિયોરીટી ગણાશે નહીં તેવો સરકારે પરિપત્ર બહાર પાડ્યો હતો. જેને લઈને વિદ્યાસહાયકોને નોકરીના વર્ષોની સિનિયોરીટી મળે તે માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને સરકારના પરિપત્રને રદ કરવા માટે માંગ કરવામાં આવી હતી. પરંતુ અંતે ગુજરાત હાઈકોર્ટે સરકારના પરિપત્ર પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી છે. આથી, સીઆરસી ડેપ્યુટેશન પરથી પરત ફરે ત્યારે એની જગ્યાએ રખાયેલ વિદ્યા સહાયકોને ફાજલ જાહેર કરી શકાશે.

## સુપ્રીમ કોર્ટ મહત્વનો ચુકાદો : તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોનાના મૃતકોને તાત્કાલિક વળતર આપવાનો આદેશ

નવીદિલ્હી,

કોરોના કાળમાં પોતાના વ્હાલસોયા સભ્યો ગુમાવનાર લોકોને એક મોટી રાહત મળી છે અને હવે તેમને વળતર મળી જશે. કોરોનાથી મોતને ભેટેલા પીડિતોના પરિવારને લઈને સુપ્રીમ કોર્ટે એક મહત્વનો આદેશ જારી કર્યો છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો હતો કે તેઓ ટાઈમ બગડ્યા વગર કોરોના પીડિતોના પરિવારના સભ્યોને વળતરની ચુકવણી કરે. સુપ્રીમની ખંડપીઠે જણાવ્યું હતું કે, "અમે કાર્યવાહી બંધ કરીએ છીએ જ્યારે તમામ રાજ્યોને નિર્દેશ આપીએ છીએ કે રાજ્ય સરકારો ત્વરિત ગતિએ કોરોના મૃતકોના પરિવારોને વળતર જારી કરે તેમણે કહ્યું કે જો કોઈ દાવેદારને કોઈ ફરિયાદ હોય તો તેઓ સંબંધિત ફરિયાદ નિવારણ સમિતિનો સંપર્ક કરી શકે છે.

જસ્ટિસ એમ આર શાહ અને જસ્ટિસ બી વી નાગરથનાની ખંડપીઠે જણાવ્યું હતું કે જો કોઈ દાવેદારને વળતરની ચુકવણી ન મળે અથવા તો તેમના દાવાને નકારી કાઢવામાં આવે તો તેઓ સંબંધિત ફરિયાદ નિવારણ સમિતિનો સંપર્ક કરી શકે છે.

ફરિયાદ નિવારણ સમિતિને દાવેદારની અરજીનો નિર્ણય ચાર અઠવાડિયામાં લેવા પણ નિર્દેશ આપ્યો હતો. આંધ્રપ્રદેશ સરકાર દ્વારા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) પાસેથી વ્યક્તિગત ડિપોઝિટ એકાઉન્ટ્સમાં ભંડોળ ટ્રાન્સફર કરવાનો આરોપ લગાવતી અરજીના સંદર્ભમાં, ખંડપીઠે આ ભંડોળને બે દિવસની અંદર એસડીઆરએફ ખાતામાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## કેન્દ્ર સરકારે શ્રીલંકા કટોકટી અંગે ચર્ચા માટે ૧૯મીએ સર્વપક્ષીય બેઠક બોલાવી



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે શ્રીલંકાના સંકટ પર ચર્ચા માટે મંગળવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારામણ અને એસ જયશંકર આ બેઠકમાં ત્યાંની સ્થિતિ વિશે માહિતી આપશે સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ આ જાણકારી આપી હતી. સંસદના ચોમાસુ સત્ર પહેલા રવિવારે બોલાવેલી સર્વપક્ષીય બેઠક દરમિયાન તમિલનાડુના પક્ષો ડીએમકે અને એઆઈએડીએમકેએ પડોશી દેશની બાબતમાં ભારતની દખલગીરીની માંગણી કરી હતી જે ભયાનક આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે.

ડીએમકે અને એઆઈએડીએમકે બંનેએ શ્રીલંકાની સ્થિતિ અને ખાસ કરીને તે દેશમાં તમિલ વસ્તી સંબંધિત મુદ્દો ઉઠાવ્યો હતો. ડીએમકેના નેતા એમ થમ્બીદુરાઈએ બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું કે શ્રીલંકા સંકટના ઉકેલ માટે ભારતે હસ્તક્ષેપ કરવો જોઈએ. ડીએમકેના નેતા ટીઆર બાલુએ પણ શ્રીલંકાની વર્તમાન પરિસ્થિતિને ઉકેલવા માટે ભારતની હસ્તક્ષેપની માંગ કરી હતી.

જણાવી દઈએ કે શ્રીલંકામાં ચાલી રહેલા વિરોધ આંદોલનને ૧૦૦ દિવસ પૂરા થઈ ગયા છે. હિંસક આંદોલનને કારણે રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેએ રાજીનામું આપવું પડ્યું હતું. હવે આર્થિક સંકટ વચ્ચે દેશની જનતા નવી સરકારની રચનાની રાહ જોઈ રહી છે. નોંધનીય છે કે ગયા સપ્તાહના અંતમાં વિરોધીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાના થોડા સમય પહેલા જ ગોટાબાયા રાજપક્ષે તેમના નિવાસસ્થાનમાંથી ભાગી ગયા હતા. તે જ સમયે, ગુરુવારે, તેમણે રાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપી દીધું.

ઉલ્લેખનીય છે કે ગોટાબાયાના ગેરવહીવટને શ્રીલંકાની નાણાકીય ઉથલપાથલ માટે જવાબદાર ઠેરવવામાં આવી રહ્યું છે, જેણે ગયા વર્ષના અંતથી દેશના ૨.૨ કરોડ લોકોને ખોરાક, બળતણ અને દવાઓથી વગર રહેવા મજબુર કરી દીધા હતા. રાજપક્ષેને હાંકી કાઢવાની ઝુંબેશ, મુખ્યત્વે ફેસબુક, ટ્વિટર અને ટિકટોક પરની પોસ્ટ્સ દ્વારા હાથ ધરવામાં આવી હતી, જેણે શ્રીલંકાના અખંડિત વંશીય વિભાગોના લોકોને આકર્ષ્યા હતા. ધીમે ધીમે આંદોલનને ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

## કોરોના બુસ્ટર ડોઝ લેવામાં આંધ્રપ્રદેશ અવ્વલ : પંજાબ, પૂર્વોત્તર રાજયો પાછળ

નવીદિલ્હી,

દેશમાં કોરોના રસીકરણના ડોઝે ૧૦૦ કરોડનો આંકડો પૂરો કરી લીધો છે ઓ ગર્વની વાત છે તેમ છતાં હજુ ઘણા લોકોએ પ્રિકોશનરી-બુસ્ટર ડોઝ નથી લીધો. આ મામલે આંધ્ર પ્રદેશ અવ્વલ છે જયારે પંજાબ-પૂર્વોત્તર રાજયો પાછળ છે. એનએચએના અનુસાર દેશમાં પ્રિકોશનરી બુસ્ટર ડોઝનું રસીકરણ જરૂરી છે, કારણ કે કોરોના સંક્રમણનું જોખમ હજુ પણ યથાવત છે દેશમાં દરરોજ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે.

આંકડા મુજબ બુસ્ટર ડોઝ મામલે બુસ્ટર ડોઝ લગાવવામાં આંધ્રપ્રદેશ અવ્વલ છે પરંતુ પંજાબ અને પૂર્વોત્તર રાજયોમાં આ મામલે સારી સ્થિતિ નથી આ રાજયોમાં ૧૦ લાખથી પણ ઓછા લોકો અત્યાર સુધીમાં બુસ્ટર ડોઝ લઈ શક્યા છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઓથોરિટીના એક રિપોર્ટ મુજબ દેશમાં સૌથી વધુ આંધ્રપ્રદેશમાં ૫૬ લાખ લોકો બુસ્ટર ડોઝ લઈ ચૂકયા છે. ત્યારબાદ બિહાર પશ્ચિમ બંગાળમાં ૫૧-૫૧ લાખથી વધુ બુસ્ટર ડોજ અપાયા છે. જો કે જે રાજયો વસ્તીના પ્રમાણમાં મોટા છે ત્યાં ત્યાં રસીકરણ એટલું જ ઓછું છે. ઉદાહરણ તરીકે મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં ક્રમશઃ ૪૩ લાખ, ૩૯ લાખ, ૨૫ લાખ ડોજ અપાયા છે રિપોર્ટ અનુસાર પંજાબમાં અત્યાર સુધીમાં ૮.૧૬ લાખ, ચંડીગઢમાં ૫૮૧૭૪, દિલ્હીમાં ૧૯.૩૧ લાખ, હરિયાણામાં ૧૨.૩૪ લાખ અને જમ્મુ-કાશ્મીરમાં ૪.૦૯ લાખ લોકોએ બુસ્ટર ડોઝ લીધા છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સીમલીયા સેવા સહ. સંઘ લી.

તરફથી અભીનંદન....

મુ. સીમલીયા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રવેરી દૂધ ઉત્પાદક સેવા સહ. મંડળી

તરફથી અભીનંદન....

મુ. રવેરી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

# લીમખેડાના મંગલ મહુડી પાસે માલગાડી ટ્રેક ઉપરથી ઉતરી જતાં રેલ્વે વ્યવહાર ખોરવાયો







દાહોદ,
લીમખેડા તાલુકાના મંગલ મહુડી ગામે આજે મધરાત્રી બાદ દિલ્હી-મુંબઈ મુખ્ય રેલમાર્ગ ઉપર પાટા ઉપરથી માલગાડી ના ૧૬ જેટલા ડબ્બા ખડી પડતા અકસ્માત સર્જાયો હતો. ડબ્બા એકબીજા ઉપર ચડી જતા રેલવે લાઈનને ભારે નુકસાન થયું હતું. તેથી રેલ વિભાગને મુંબઈ દિલ્હી લાઈનનો રેલ્વે વ્યવહાર ખોરવાયો હતો અને ૨૭ જેટલી ટ્રેનો ડાયવર્ટ કરાઈ હતી. તો પાંચ ટ્રેનો રદ કરવામાં આવી હતી.

લીમખેડા તાલુકામાં આવેલા મંગલ મહુડી ગામ પાસે દિલ્હી-મુંબઈ રેલમાર્ગ ઉપર આજે મધરાત બાદ પોણા એક વાગ્યાના સુમારે માલગાડી પાટા ઉપરથી ખડી પડતા અકસ્માત સર્જાયો હતો. લીમખેડા નજીક મંગલ મહુડી પાસે અપલાઈન ઉપર મધ્યપ્રદેશના રતલામ થી એક માલગાડી અમદાવાદ તરફ જઈ રહી હતી. ત્યારે મધરાત બાદ પોણા એક વાગ્યાના સુમારે રસ્તામાં મંગલ મહુડી ગામ પાસે પહોંચતા અચાનક કોઈ અગમ્ય કારણોસર માલગાડીના ૧૬ જેટલા ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા હતા. માલગાડીના ૧૬ ડબ્બા એકબીજા ઉપર ચડી જતા રેલવે લાઈનને ભારે નુકસાન થયું હતું. તેથી દિલ્હી વચ્ચેનો રેલ વ્યવહાર ખોવાયો હતો. જેને લઈને રેલ વિભાગ દ્વારા ૨૭ જેટલી ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી હતી. જ્યારે પાંચ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી. ઘટનાને પગલે રતલામ ડિવિઝનના ડી.આર.એમ. સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઘટના કઈ રીતે બની તે દિશામાં તપાસ હાથ ધરી છે. જ્યારે રેલવે વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરી હતી. જો પેસેન્જર ટ્રેન હોત તો મોટી દુર્ઘટના સર્જાતી પરંતુ સદનસીબે માલગાડી હોવાથી મોટી જાનહાની ટળી હતી.

દાહોદ નજીક મંગલ મહુડી ગામે પસાર થતા દિલ્હી-મુંબઈ રેલ માર્ગ પર મોડી રાત્રે મોટો રેલ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ગુડ્સ ટ્રેનના ૧૬ ડબ્બા ખડી પડ્યા હતા. જેના પગલે દિલ્હી મુંબઈ વચ્ચે બંને તરફનો રેલ વ્યવહાર બંધ થઈ જવા પામ્યો છે. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ અકસ્માતને લઈને ૨૭ ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. જ્યારે ૪ ટ્રેન રદ્દ કરાઈ છે.

### અકસ્માત સર્જનારી માલગાડી ઓવર સ્પીડમાં જતી હોવાનું જણાવતા રેલવેના તજજ્ઞ : ઘટનાના કલાકો બાદ પણ રેલવે દ્વારા અકસ્માત અંગે કોઈ સ્પષ્ટતા નહીં.

જે માલગાડી અકસ્માતનો ભોગ બની છે તે માલ ગાડી પાટાની કેપેસીટી કરતાં વધારે સ્પીડથી દોડી રહી હોવાનું અંતર્ગત વર્તુળ દ્વારા જાણવા મળ્યું છે જો કે, આ બાબતની ખુલાસા રેલ્વે સેફ્ટીના ડિવીઝનલ મેનેજર અને તેની ટીમ સંપુર્ણ નિરીક્ષણ કરે પછી જ બહાર આવી શકે તેમ છે, પરંતુ આજુબાજુ રહેતાં અને રેલ્વે ખાતામાંજ પોતાની જીંદગી કાઢી દેનારા અનુભવીઓનું કહેવુ છે કે, રાજધાનીની સ્પીડ કરતાં પણ આ ટ્રેન વધુ ઝડપી પાસ થઈ રહી હતી અને જેથી આટલો ગંભીર અકસ્માત સર્જાયો છે. જો કે, અકસ્માતનું સાચું કારણ હજી જાણી શકાયુ નથી. રેલ્વે સત્તાવાર રીતે જણાવ્યું નથી પરંતુ અકસ્માતની ગંભીરતા જોતા આનું સાચું કારણ બહાર લાવવનું જ રહ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે, રેલ્વે સેફ્ટીના ડી.જી. અને તેની ટીમ દુર્ઘટના કલાકો થયાં છતાંય સ્થળ ઉપર પહોંચી નથી. ત્યારે અકસ્માત અંગે ઉપસ્થિત અધિકારીઓએ કંઈ પણ કહેવાનો ઈનકાર કરી દીધો હતો. એવું કહેવાઈ છે કે, જ્યારે રેલ્વેનો કોઈ આવો અકસ્માત થાય ત્યારે રેલ્વે સેફ્ટીના ડી.જી. અને તેની ટીમ ઘટના સ્થળે નિરીક્ષણ કરી તેનો રિપોર્ટ સોંપી ત્યાર બાદજ ઘટનાનું સાચું કારણ જે તે ઓથોરીટી દ્વારા જાહેર કરવામાં આવે છે. ત્યારે આ બનાવ અંગે પણ વહેમાં વહેલી તકે અકસ્માત સર્જાવવાનું કારણ જાહેર કરાય તેવી લાગણી અને માંગણી છે.

### માલગાડીના અકસ્માતના કારણે ટ્રેનોના રૂટ ડાયવર્ટ થતા મધ્યપ્રદેશથી ધાર્મિક પ્રસંગમાં મથુરા જતા ૩૦૦ યાત્રાળુઓની ટિકિટો રદ થતા અટવાયા...

રતલામ ડીવીઝનના લીમખેડા નજીક મંગલ મહુડી ખાતે બનેલા અકસ્માતના બનાવથી સંખ્યા બધ્ધ ટ્રેનો બંધ થવા પામી છે. તો કેટલીય ટ્રેનોને ડાઈવર્ટ કરવામાં આવી છે. ત્યારે અનેક લોકો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે. તેવા સમયે મધ્યપ્રદેશના રાણાપુર ખાતેના રહેવાસી એડવોકેટ જગદીશચંન્દ્ર હરસોલાના પરિવારના આશરે 300 ઉપરાંતના લોકો જાત્રાએ જવાના હતા. તે અટવાઈ જતાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. ઉત્તરપ્રદેશના મથુરા ખાતે મસમોટા મનોરથો યોજી ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરનારા આ હરસોલા પરિવારે તેઓના સગાસંબંધીઓ કે જેઓ રાણાપુર, દાહોદ, અલીરાજપુર, ખેતીયા વિગેરે જેવા વિસ્તારના લોકોને નિમંત્ર્યા હતા. દાહોદથી ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ૧૦૯૧૭ની ટ્રેનમાં મથુરા ખાતે પહોંચીને ત્યાં ઉત્સવ મનોરથો કરવાના હતાં પરંતુ આ બનાવે તેઓની 300 ઉપરાંતની ટીકીટો રદ્દ થવા પામી છે એટલું જ નહી મથુરા ખાતે તેઓએ હોટલો, ધર્મશાળાઓ સહિતના બુકીંગ કરેલા હતા. તે પણ હવે રદ્દ કરવા પડે તેવી સ્થિત સર્જાઈ છે જો કે, પરિવાર પાસે તાત્કાલિક ધોરણ મથુરા કંઈ રીતે પહોંચવું તેના કોઈ વિકલ્પ ન હોઈ ભારે નુકશાનીનો અંદાજ સેવાઈ રહ્યો છે.

### ૨૭ ટ્રેન ડાયવર્ટ, ૪ ટ્રેન રદ્દ

આ રેલ અકસ્માતને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. અકસ્માત બાદ ૨૭ ટ્રેન ડાયવર્ટ કરાઈ છે. જ્યારે આજે વધુ ટ્રેન ડાયવર્ટ કરવી પડશે. તેની સાથે ૪ ટ્રેન રદ્દ કરાઈ છે. જો તેમા પેસેન્જર ટ્રેન હશે તો મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડશે તે નિશ્ચિત છે.

### મધરાતે અકસ્માત થતાં હુટરો ગુંજી ઉઠ્યા

વડોદરાથી રતલામ તરફ જઈ રહેલી ગુડ્સ ટ્રેનના ૧૬ ડબ્બા દાહોદ પાસે મંગલ મહુડી રેલવે સ્ટેશન પાસે રાત્રે ૧૨થી ૧ વાગ્યાની વચ્ચે ખડી પડ્યા હતા. જેથી આ અકસ્માત સર્જાતા જ રેલવે સ્ટેશનના હુટરો ગુંજી ઉઠ્તા દોડધામ મચી ગઈ હતી.

### અકસ્માતનું કારણ અકબંધ

આ અકસ્માત કયા કારણોસર થયો તે સત્તાવાર રીતે જાણવા મળ્યુ નથી. બીન સત્તાવાર રીતે એવુ કહેવાઈ રહ્યુ છે કે, કોઈ એક ડબ્બાના વ્હીલ લોક થઈ જતા અકસ્માત સર્જાયો હતો, પરંતુ તપાસ બાદ જ સાચુ કારણ જાણી શકાશે.

### DRM સહિતનો કાફલો દોડી આવ્યો

બનાવની જાણ રેલવેના ઉચ્ચ અધિકારીઓને કરાતા રેલવેના ડીઆરએમ, સ્ટેશન માસ્ટર, સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને યુદ્ધના ધોરણે દિલ્હી મુંબઈ વચ્ચેનો બંધ પડેલો રેલ વ્યવહાર પૂર્વવત કરવાની કામગીરીમાં જોતરાયા હતા.

### દોઢ કિ.મી સુધી માલગાડીના ટુકડા દેખાયા

આ રેલ અકસ્માતમાં ગુડ્સ ટ્રેનના ૧૬ ડબ્બા એક પર એક ચડી જતા રમમોટો કહી શકાય તેવી રેલ દુર્ઘટના સર્જાઈ હતી. મોડી રાત્રે બનેલા આ બનાવના પગલે દોઢ કિલો મીટર સુધી રેલવે લાઈન પર માલગાડીના ટુકડા જોવા મળ્યા હતા. તેમજ રેલવેની ૨૫ હજાર મેગા વોટની વીજલાઈન પણ તૂટી જવા પામી હતી. જોકે, આ રેલ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

### ટ્રેનો ડાયવર્ટ થતાં દાહોદ રેલવે સ્ટેશને મુસાફરો અટવાયાઃ કલાકો વીત્યા છતાં કોઈ પ્રત્યુતર ન મળતા મુસાફરો રઝળ્યા...

દાહોદ રેલ્વે સ્ટેશન ટીકીટ બારી ઉપર આવતાં અનેક મુસાફરોને બનાવના ૧૨ થી ૧૫ કલાક વિત્યા હોવા છતાં સંતોષકારક જવાબ ન મળતાં લાંબી મુસાફરી કરનાર મુસાફરોમાં આક્રોશ સાથેનો અસમંજસતા ઉભી થવા પામી છે. એટલું જ નહીં ટીકીટ કેન્સલેશન કે ટ્રેન રદ્દ બાબતે યોગ્ય જવાબ ન મળતાં પણ ભારે વિસામણમાં મુકાવા પામ્યાં છે. આમ, તો રેલ્વે ૧૨ થી ૧૫ કલાકમાં ટ્રેક ચાલુ કરવાની હૈયા ધરપત આપી હતી. પરંતુ ઘટના સ્થળે સર્જાયેલ સ્થિતી અને વરસાદી વિઘ્ન વચ્ચે આ કામગીરી ૨૪ થી ૩૬ કલાક સુધી ચાલશે તેવુ લાગી રહ્યું છે. ત્યારે આજે ડાઈવર્ટ કરેલી અને રદ્દ કરેલી ટ્રેનો ક્યારથી રાબેતા મુબજ શરૂ થશે હાલના સમયે યક્ષ પ્રશ્ન બની રહ્યો છે.

## વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ દાહોદનાં ગરબાડા, ફતેપુરા અને દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં પહોંચ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ


દાહોદ,
વંદે ગુજરાત વિકાસ યાત્રાના રથ આજે દાહોદનાં ગરબાડા, ફતેપુરા અને દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં પરિભ્રમણ કર્યું હતું. જેમાં વિવિધ ગામોમાં વિકાસકાર્યોના ખાતમુહૂર્ત, લોકાર્પણ અને નવા કામોની જાહેરાતો કરાઈ હતી. તદ્દપરાંત લાભાર્થી નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભનું મહાનુભાવોએ વિતરણ કર્યું હતું.

દાહોદ જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા તેના અંતિમ તબક્કામાં પહોંચી છે. ત્યારે ગામે ગામ વિકાસ કાર્યોના પ્રારંભ તેમજ લોકાર્પણ કરાઈ રહ્યાં છે. જેમાં આજે રૂવાબારી જિલ્લા પંચાયત સીટમાં સમાવિષ્ટ ગામોમાં તાલુકા પંચાયત હસ્તક અમલ થતી ૧૫ માં નાણા પંચ અને મનરેગા યોજના અંતર્ગત રૂ. ૫૬.૭૫ લાખના ૪૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ રૂ.૪૦.૭૪ લાખના ૩૨ વિકાસકાર્યોનો પ્રારંભ કરાયો છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ ૫ લાભાર્થીઓને કાર્ડ અપાયું હતું તેમજ પ્રધાનમંત્રી માતૃશકિત યોજના અંતર્ગત પાંચ સગર્ભા-ધાત્રી માતાઓને ૧ કિગ્રા તેલ, ૨ કિલો ચણા, ૨ કિલો તુવેરદાળની સહાય કરવામાં આવી હતી.

આ વેળાએ અહીંના સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. દેવગઢ બારીયાના નાના કેલીયા તેમજ ઝાબીયા ગામે બપોર સુધીમાં કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ઝાબીયા ગામ ખાતે મતદાર જાગૃતિ અન્વયે વોટર હેલ્પલાઇન એપ ડાઉનલોડ કરાવી ગ્રામજનોને તેના ઉપયોગ વિશે માહિતી અપાઇ હતી. વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત ગરબાડાના ઝરીબુજર્ગ, નિમચ, ફતેપુરાના સાગડાપાડા ખાતે કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ સ્થળે ભવાઇ યોજીને પણ નાગરિકોને વિવિધ યોજનાઓની માહિતી અપાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં નાગરિકો સહભાગી થયા હતા.

વંદે ગુજરાત વિકાસ યાત્રા આવતી કાલે ધાનપુર, સંજેલી અને દેવગઢ બારીયા તાલુકાના મોટી મલુ, પુના કોટા, મંડોર, હિરોલા, ગુણા સહિતના ગામોમાં પહોંચશે અને કાર્યક્રમો યોજાશે.

## સંજેલી તાલુકાના એક ગામમાં જંગલ વિસ્તારમાં દીપડાએ બકરાઓનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ



સંજેલી,
ગોવાળો પોતાના ૭૦ જેટલા બકરી સહિતના પશુઓને ડુંગર જંગલ વિસ્તારમાં ચરાવવા માટે લઈ ગયા હતા. તે સમયે અચાનક જ દીપડાએ બકરાઓ પર હુમલો કરતા બકરાઓ ભાગ્યા હતા. તેમજ ત્રણથી ચાર બકરાઓ ઝપેટમાં આવતા દીપડાએ મારણ કર્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ સંજેલી તાલુકાના ઇટાડી ડુંગરાળ જંગલ વિસ્તારમાં નજીકમાં જ રહેતા લોકો પોતાના બકરી સહિતના પશુઓને ચરાવવા માટે ડુંગરના ઉપર ભાગમાં ગયા હતા. ત્યારે અચાનક જ ત્યાં દીપડો આવી ચડતા દીપડાએ બકરાઓ પર હુમલો કર્યો હતો. ત્રણ થી ચાર બકરાઓ પર હુમલો કર્યો હતો. જેમાં ત્રણ જેટલા બકરાઓનું તેને મારણ કરી નાખ્યું હતું અને તે ખેંચી ગયો હતો. ત્યારે એક બકરૂ ઈજા પામેલી હાલતમાં અન્ય બકરાઓ સાથે દીપડાને જોઈને ભાગ્યા હતા અને બચ્યા હતા. ત્યારે આ દ્રશ્ય ત્યાં ગયેલા ગોવાળો સહિતના લોકોએ જોયું હતું અને તે પણ એક ક્ષણ માટે તો ગભરાઈ ગયા હતા અને ભાગ્યા હતા. ડુંગરના જંગલથી નીચે ઉતરી અને આસપાસમાં લોકોને જાણ કરી હતી કે દીપડો આવ્યો છે.... દીપડો આવ્યો છે.... તેમ જ બકરાઓનું મારણ કર્યું છે. ત્યારે સ્થાનિક વિસ્તારના લોકો પણ આ હકીકત સાંભળી અને ગભરાયા હતા. તેમજ સ્થળ ઉપર ફરી જોતા ત્યાં દીપડો બકરાવોને ખેંચી ગયો હોવાનું સ્થાનિક લોકોને જાણવા મળ્યું હતું. બનાવ સંદર્ભે વિસ્તારમાં વાત ફેલાતા લોકોમાં ડર ભય જોવા મળ્યો હતો અને લોકો રાત્રે પણ દીપડો જંગલમાં હોવાનું જાણી અને ડરી ડરી અને રહ્યા હતા. ત્યારે આ બનાવ સંદર્ભે સ્થાનિક ગ્રામજનોની દીપડાના બકરાઓને મારણ કરવાની ઘટના બાબતે ગ્રામજનો દ્વારા દીપડા દ્વારા હુમલાથી બકરાનું મારણ કરાતા વળતર મળે અને પાંજરૂં મૂકી દીપડાને રેસ્કયુ કરવામાં આવે તેવી ગ્રામજનો સહિત સ્થાનિકોની માંગ ઉઠવા પામી છે.

## કેજરીવાલ દ્વારા જનતા ને જે લાભ આપવામાં આવી રહ્યા છે જેને વડાપ્રધાન રેવડી ગણાવી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતા, જનસમર્થન, વધતા વ્યાપ અને ગુજરાત વિધાનસભામાં હાર ભાળી ગયેલા નિરાશ,પરેશાન ભાજપ ના સત્તાધીશો બેફામ વણી વિલાસ કરી રહ્યા છે.

આમ આદમી પાર્ટી દ્વારા લોકહિત ની યોજનાઓ થકી પ્રજાને મળતી VVIP સુવિધાઓથી ભાજપ ના લીડરો દુઃખી થતા હોય એમ લાગી રહ્યું છે. જેમાં હવે દેશના વડાપ્રધાન પણ જોડાઈ ગયા છે કેજરીવાલ દ્વારા દેશની પ્રજાને મળતા લાભ,સુવિધાઓને મફતની રેવડી તરીકે ગણાવી રહ્યા છે. જેનો આજરોજ આપ દાહોદ દ્વારા જિલ્લા પ્રમુખ સુભાષભાઈ ડામોર, ઉપપ્રમુખ હાર્દિકકુમાર સોલંકી, ઈકબલભાઈ, દાહોદ વિધાનસભા સંગઠન મંત્રી સ્વપિનલ ભાભોર અને રમેશભાઈ મેડા, ખીમભાઈ ભુરિયા તેમજ કાર્યકરો ની ઉપસ્થિતિમાં આંબેડકર ચોક મુકામે વિરોધ કરવામાં આવ્યો હતો.

## ઝાલોદ બસ સ્ટેન્ડ વિસ્તારનો માર્ગ ખખડધજ બનતા વાહનચાલકોને હાલાકી

ઝાલોદ,
ઝાલોદમાં છેલ્લા ઘણા સમયથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ઠેર ઠેર રસ્તાઓ ઉપર ખાડાઓ પડ્યા છે. ત્યારે બસ સ્ટેશન વિસ્તાનો રસ્તો તુટી જવાથી પસાર થતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. જવાબદાર તંત્રને રજુઆત કરવા છતાં ખાડા પુરવામાં ન આવતા રસ્તાની મેટલો બહાર જોવા મળી રહી છે. હાલમાં રસ્તા પરથી પસાર થતાં વાહનોમાંથી પથ્થર ઉડવાના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ચોમાસાની સીઝન હોવાથી ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જવાથી અનેક વાહનોને નુકસાન થઈ રહ્યુ છે. આ મામલે તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી નગરજનોની માંગ ઉઠવા પામી હતી. જવાબદાર તંત્ર દ્વારા જો સમયસર રસ્તા પર ખાડાઓનુ રિપેરીંગ કામ કરવામાં આવ્યુ હોત તો આ સ્થિતિઓ ન સર્જાત જેથી વહેલી તકે રસ્તા પડેલ ખાડાઓની મરામત કરવામાં આવે તે જરૂરી બન્યુ છે.



લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. મહેંદી સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓએ ખુબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ પ્રકારની મહેંદી મૂકી હતી. જેમાં ધોરણ ૮ ની વિદ્યાર્થીની પરમાર મિત્તલબેન હિંમતભાઈ પ્રથમ નંબરે, ભુરીયા નીલમબેન સુરેશભાઈ દ્વિતીય નંબરે અને સંગાડા પાયલબેન બાબુભાઈ ત્રીજો નંબર મેળવ્યો હતો.

## સંજેલી પીછોડા ખાતે નાળ ફળીયા વર્ગ પ્રા.શાળા ખાતે સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,
સંજેલી તાલુકા પીછોડા ખાતે આવેલ નાળ ફળીયા વર્ગ પ્રાથમિક શાળા ખાતે આજ રોજ તારીખ ૧૮ જુલાઈના રોજ નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રા.શાળામાં શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બારીઆ હેમસિંગભાઈ તેરાભાઈની કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એસ.એમ.સી. ના અધ્યક્ષ અને સભ્યો હાજર રહયા હતા. ગામની પિછોડા મુખ્ય પ્રા.શા. આચાર્ય રાવત ચંદુભાઈ અને ભીંત ફળીયા પ્રા.શાળાના આચાર્ય રાવત દિલીપભાઈ અને મા.અને ઉ.મા. શાળાના આચાર્યબેન બારીઆ સુમિત્રબેન હાજર રહયા હતા. શાળાના મુ.શિ.કામોળ જગદીશકુમાર એ આમંત્રીત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જ્યારે શાળાના સિનિયર શિક્ષક બારીઆ મોહનભાઈએ શાળાની શાળાની સ્થાપના થી અત્યાર સુધી શાળાએ કરેલ પ્રગતિ વિશેની માહિતી આપી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહીત બાળકો હાજર રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આ.શિ. તડવી મોહનભાઈએ કર્યું હતું.

## ધાનપુરના કંજેટાની ધિરજપુરા વર્ગ પ્રા.શાળાના આચાર્ય માટે વિદ્યાર્થી દારૂ નહિ લાવતા ઢોર માર માર્યો

લીમખેડા,
ધાનપુર તાલુકાના કંજેટા ગામે ધીરજપુરા વર્ગ પ્રા.શાળામાં ફરજ બજાવતા આચાર્ય દ્વારા ધો-૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને દારૂ નહિ લાવવા બાબતે વાંસની સોટી વડે ઢોર માર માર્યો હોવાના આક્ષેપો સાથે તેના વાલી દ્વારા શિક્ષણમંત્રી, મુખ્યમંત્રી સહિત ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજુઆત કરી ન્યાયની માંગણી કરી છે.

કંજેટા ગામની ધિરજપુરા ફળિયાની પ્રા.વર્ગ શાળામાં ફરજ બજાવતા આચાર્ય પર વાલી દ્વારા દારૂ પીવાની લત તેમજ જુગાર રમવાની ટેવ હોવાના આક્ષેપો કરી ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજુઆત કરી છે. આચાર્ય તરીકે તથા તેની પત્નિ પણ શિક્ષક તરીકે સજોડે વર્ગ પ્રા.શાળામાં ફરજ બજાવે છે. આચાર્ય દારૂ પીવાની લત ધરાવતો હોવાના ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. આચાર્ય શાળામાં અભ્યાસ માટે આવતા બાળકો પાસે દેશી દારૂ પીવા માટે મંગાવતો હોય છે. કયારેક તેની પત્નિને શાળા પર છોડીને જુગાર રમવા તેમજ દારૂ પીવા માટે ગામમાં જતો રહેતો હોવાના પણ આક્ષેપો થયા છે. કંજેટા ગામમાં રહેતા ધો-૭માં અભ્યાસ કરતો પુત્ર અભ્યાસ અર્થે શાળાએ જતા શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીને તુ દારૂ કેમ નથી લાવ્યો તેમ જણાવીને ગાળો બોલી વાંસની સોટીથી ઢોર માર માર્યો હતો. આચાર્ય એટલેથી જ અટક્યા નહિ વિદ્યાર્થી નીચે પડી જતા તેને માર મારવા લાગ્યો હતો. આ બાબતની વાલી દ્વારા આચાર્ય વિરુદ્ધ કડક પગલા લેવા માટે રાજયના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, અને જિલ્લા શિક્ષણાધિકારી સહિત વિવિધ વિભાગોમાં લેખિતમાં રજુઆત કરીને ન્યાયની માંગણી કરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.277

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકામાં

# મનરેગા યોજનામાં થઈ રહ્યો છે ભ્રષ્ટાચાર : દાઉદ્રા અને રાણીપુરા ગામો આપી રહ્યા છે સાબિતી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**રાણીપુરા ગામમાં ચાલી રહેલ ચેકડેમના કામોમાં કચરાના ઢગલા નાખી ભષ્ટાચાર આચરતા હોવાનું બહાર આવ્યું**

ઘોઘંબ,

ઘોઘંબા તાલુકા દાઉદ્રા ગામે વરસાદી પાણીના સંગ્રહ કરવા માટે બનાવેલ હલ્કી ગુણવતાના ચેકડેમ સામાન્ય વરસાદ સાથે ધોવાઈ જતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ભ્રષ્ટાચારને લઈ આવા તકલાદી કામો કરાયા હોય તેની તપાસ થાય તેવી માંગ કરાઈ છે.

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામે મનરેગા યોજના અંતર્ગત ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. જે ચેકડેમ ચોમાસાના સામાન્ય વરસાદમાં ધોવાઈ ગયો અને ચેકડેમ માંથી પથ્થર દેખાવા લાગ્યા હલ્કી ગુણવતાના તેમજ ભારોભાર ભ્રષ્ટાચાર આચરીને બનાવેલ ચેકડેમ સામાન્ય વરસાદના પાણીના પ્રવાહ સહન કરી શક્યો નથી. જે ચેકડેમ બનાવવામાં હલ્કી ગુણવતાની કામગીરી કરી સરકારના લાખો રૂપીયાના વિકાસલક્ષી યોજનાઓને નામ ખાતર બનાવીને નાણાંકીય ગેરવહીવટ કરવામાં આવ્યો છે. હોવાની માંગ સાથે દાઉદ્રા ગામના સરપંચ દ્વારા પણ આક્ષેપ સાથે ઘોઘંબા તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરતા તાલુકા વિકાસ અધિકારીને મનરેગા ટીમએ સ્થળ તપાસ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ઘોઘંબાના રાણીપુરા ગામના વણઝારા ફળીયા પાસે ચેકડેમ બનાવવામાં આવી રહ્યો છે. આ નવા બનતા ચેકડેમનું બાંધકામ તદ્દન હલ્કીકક્ષાનું કરાઈ રહ્યું છે. ગામ લોકો દ્વારા હલ્કી ગુણવતાના બનતા ચેકડેમની કામને રોકવા માટે સરપંચને મૌખિક રજુઆત કરતાં સરપંચ દ્વારા ગ્રામજનોને ઉદ્ધયત જવાબ આપે છે. ચેકડેમના બાંધકામ માટે રેતી, કપચી, સિમેન્ટ વિગેરેનું યોગ્ય માપ જળવાઈ રહ્યું નથી. ચેકડમના પાયામાં બાંધકામમાં રેતી અને કચરો ભરેલી થેલીઓ મુકીને બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જે સામાન્ય વરસાદ લોકોના જવાની શક્યતા નકારી શકાય નહી. લોકોના હિત માટે લાખો રૂપીયાના ખર્ચે કરતાં હોય તે ખોટો વેડફાટ થઈ રહ્યો છે. રાણીપુરા સરપંચ દ્વારા હલ્કી ગુણવતાના ચેકડેમ માટે કહેવા જતાં જાગૃત નાગરિકને થાય તે કરી લે એવો જવાબ આપતા હોવાનું સામે આવ્યું છે. જેને લઈ રાણીપુરા ગામના લોકો દ્વારા હલ્કી ગુણવતાની કામગીરી ગામમાં માત્ર સરપંચ અને કોન્ટ્રાકટર નહી પણ તાલુકા વિકાસ અધિકારી સહિતનો સ્ટાફ પણ આવા ભ્રષ્ટાચારના ભાગીદારી ધરાવતા હશે તેવા સવાલો ઉભા કર્યા છે. તેમજ ચેકડેમની હલ્કી ગુણવતાના બાંધકામ અંગે તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા વિકાસ અધિકારીને બાંધકામ અટકાવવા રજુઆત કરાઈ છે.


**દાઉદ્રા ગામે એક જ વરસાદમાં ધોવાયો ચેકડેમ.**


- ઘોઘંબાના ગામોમાં થાય છે ભય વગરનો ભ્રષ્ટાચાર.
- ઘોઘંબાના ગામોમાં સરપંચો દ્વારા હલ્કી ગુણવતાનો સામાન વપરાતા હોવાની બુમો.
- ઘોઘંબાના દાઉદ્રા ગામમાં સામાન્ય વરસાદમાં ચેકડેમ ધોવાયો.
- ઘોઘંબાના રાણીપુરામાં ચેકડેમ બનાવતી વખતે કચરાંના ઠેલા નાખી ઉપર કોન્ક્રીટ નાખવામાં આવ્યું.
- શું આવી રીતે થશે ગામડાનો વિકાસ ??

# પંચમહાલ જીલ્લાના અનેક વિસ્તારોમાં ડ્રોન જોવા મળતાં ડર સાથે કુતુહલતા

નદીસર,

પંચમહાલ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં રાત્રીના સમયે આકાશમાં ડ્રોન જોવા મળતા લોકોમાં કુતૂહલ સાથે ડર જોવા મળ્યો છે. ગઈ રાત્રે ફરી પંચમહાલ જિલ્લાના અનેક વિસ્તારોમાં ડ્રોન ઊડતા જોવા મળ્યા હોવાની માહિતી મળેલ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરા અને મોરવા હડફ તાલુકાના કેટલાક વિસ્તારોમાં ગઈ રાત્રે ફરી ડ્રોન જોવા મળતા જનતામાં કુતૂહલ સાથે ડર ફેલાયો છે. નજરે જોનારા વ્યક્તિઓનાં કહેવા મુજબ આ ડ્રોન આઠ વાગ્યા બાદ જ આકાશમાં ઊડતા જોવા મળે છે અને વિમાન અને ડ્રોન વચ્ચેનો ફર્ક પણ રીતસરનો દેખાય છે. શહેરા તાલુકાના બાહી અને વાઘજીપુર



વિસ્તારમાં તો એક સાથે ચાર જેટલા ડ્રોન નજીકના વિસ્તારોમાં ફરતાં જોવા મળ્યા હતા. આ તરફ ૧૦-૧૫ દિવસ બાદ ગોધરા તાલુકાના નદીસર અને ધરી પંથકમાં પણ ગઈ રાત્રે ફરી ડ્રોન જોવા મળ્યા હતા. ડ્રોન અંગે પોલીસ તંત્ર પણ એલર્ટ છે અને રાત્રે અલગ અલગ વિસ્તારોમાં જ્યાં ડ્રોન ઊડતા હોય તેવા વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે. ગામડાઓમાં યુવાનો દ્વારા પણ તપાસ કરવામાં આવે છે છતાં આ અંગે આજદિન સુધીમાં કોઈ જ માહિતી આ અંગે મળેલ નથી. આ તરફ ડી.આર.એલ. ઓફિસનો સંપર્ક કરતા જાણવા મળેલ છે. જમીન માપણી માટે પણ જો ડ્રોન ચલાવવામાં આવે તો તે દિવસે જ ચલાવવામાં આવતું હોય છે. નાગરિકોમાં થતી ચર્ચા મુજબ કોઈ સામાન્ય વ્યક્તિ આવી રીતે અલગ અલગ વિસ્તારોમાં ડ્રોન ઉડાડી ન શકે તેમજ આટલી ચુસ્તતા થી પોલીસ તંત્ર પણ હરકતમાં હોય તો અન્ય કોઈની પણ તાકાત નથી. ત્યારે કેટલાક લોકોના જણાવ્યા મુજબ સરકારનું કોઈ સિક્રેટ મિશન હોય તો પણ આ રીતે કામગીરી થતી હોય અને તે અંગે માહિતી ન પણ આપવામાં આવે છતાં પણ જે હોય તે ડ્રોનને લઈને જનતામાં ભારે ગભરાટ ફેલાયો છે. રાત્રીના સમયે એક ગામ થી બીજા ગામ લોકો ફોન કરીને ડ્રોન અંગે માહિતી આપતા જોવા મળ્યા હતા.

જોકે, ઘણી વખત એવું પણ બને કે આકાશ માંથી જતા વિમાન પણ ડ્રોનમાં ખપી જતા હોય છે, પરંતુ નજરે જોનારા અને તેમાં પણ વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ ડ્રોન તો હોય છે જ અને ડ્રોન અને વિમાન વચ્ચેનો ફર્ક પણ રીતસર દેખાય છે. ત્યારે જે વિસ્તારોમાં ડ્રોન દેખાય છે. તે વિસ્તારોમાં રાત્રીના સમયે સઘન પેટ્રોલિંગ કરીને રહસ્ય બહાર લાવવા જનતાની માંગ છે.

# શહેરા તાલુકામાં કત્તલખાના તેમજ ચિકન માંસનું વેચાણ બંધ થાય તેવી માંગ સાથે આવેદન

શહેરા,

શહેરા પ્રાંત કચેરી ખાતે તાલુકા ભાજપ દ્વારા થોડા દિવસ પહેલા ૯૫૦કિલો ગૌમાંસ સાથે પકડાયેલ કતલખાનાના ૧૨ આરોપીઓ સામે કડક કાર્યવાહી થાય તે માટે આવેદન પત્ર આપ્યું હતું. તાલુકામાં છુપી રીતે ચાલતા કતલખાના તેમજ જાહેર માર્ગ ઉપરના ચિકન અને મટન શોપની સામે પણ પોલીસ સહિતના સબંધિત તંત્ર કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગરમાં વચ્છેસર તળાવના નીચેના ભાગે થોડા દિવસ અગાઉ ૯૫૦ કિલો ગૌમાંસ સાથે કતલખાનું પોલીસે ઝડપી પાડ્યું હતું. જેને લઈને હિન્દુ લોકોમાં છુપો આક્રોશ પણ જોવા મળી રહ્યો હતો. સોમવારના રોજ કતલખાનાના કસાઈઓ સહિતના ૧૨ જેટલા તમામ આરોપીઓ સામે કડક કાર્યવાહી થાય તે માટે ભાજપ અગ્રણીઓ સહિત કાર્યકરો મામલતદારને આવેદન પત્ર આપવા માટે ધારાસભ્યના કાર્યાલય થી રેલી સ્વરૂપે નીકળ્યા હતા. ભાજપ પ્રમુખ, ભાજપ અગ્રણીઓ, સરપંચો તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યો સહિત કાર્યકરો દ્વારા પ્રાંત કચેરી ખાતે કતલખાનાના તમામ આરોપી ઓ સામે કડક સજા કરવામાં આવે તે સહિત માંગ સાથે નગર અને તાલુકામાં જાહેરમાં તેમજ છુપી રીતે ચાલતા તમામ કતલખાનાઓ બંધ કરવામાં આવવા જોઈએ તેમજ ઝડપાયેલ કતલખાનામાં ગૌવંશની હત્યા કરી હિન્દુ સમાજની લાગણી દુભાઈ હોય તેવી રજૂઆત સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

પાછલા કેટલાક સમય થી નગર વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારમાં કોના આશીર્વાદથી ચિકન અને મટન શોપ પણ જાહેર માર્ગ પર ધમધમી રહી હોય તેમ છતાં આ સામે કોઈ જ કાર્યવાહી અત્યાર સુધી કરવામાં નથી. આવી તેમ જ છુપી રીતે કતલખાનાઓ પણ હાલ પણ ચાલી રહયા હોવાની ચર્ચાઓ લોકોમાં થઈ રહી હોય ત્યારે જવાબદાર પોલીસ સહિતના અન્ય સબંધિત તંત્ર પોતાની નૈતિક ફરજ સમજીને આ સામે દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવે જેથી ગૌવંશની હત્યા થતી અટકી શકે તેમજ બકરા સહિતના માસનું પણ વેચાણ થતુ બંધ થાય તેમ હોય ત્યારે હવે જોવું રહ્યું કે આ બાબત કાર્યવાહી કરાશે કે નહિ? આગામી દિવસોમાં હિન્દુ સમાજનો પવિત્ર શ્રાવણ માસ સહિત અનેક ધાર્મિક તહેવારો આવતા હોય ત્યારે પોલીસ તંત્ર દ્વારા જાહેર માર્ગ ઉપર ચાલી રહેલી ચિકન અને મટન શોપ તાત્કાલિક બંધ કરાવી જોઈએ તે પણ જરૂરી છે.

# ગોધરા ફુલ સૈયદ સોસાયટીના બે ઈસમોને ૨૮,૨૦૦/- રૂ.ના ચોરીના મુદ્દામાલ સાથે LCBપોલીસે ઝડપ્યા



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસે જુની કોમર્સ કોલેજના કંપાઉન્ડમાં બાનવેલ જુના બિલ્ડીંગમાં લોખંડની બારીઓ ચોરી કરેલ સામાન તેમજ સૈયદવાડા પાસે પડદકાની દુકાન માંથી ચોરી કરેલ ચોરીને ભેદ ઉકેલવામાં આવ્યો.

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ફુલ સૈયદ સોસાયટીમાં રહેતા સાહીલઅલી ઉર્ફે લઠ્ઠો તુરાબઅલી સૈયદ, સમીર ઉર્ફે બબુલો ઈદ્રીશ શેખ બન્ને ઈસમો જુની કોર્મસ કોલેજ કંપાઉન્ડમાં બનાવેલ બન્ને ઈસમો સંડોયાચેલ છે. સૈયદવાડા પાસે આવેલ ચામુંડા હોમ ડેકોર નામની પડદાની દુકાન માંથી રોકડા રૂપીયા તથા સોનાની બુટ્ટી તથા ડ્રીલ મશીન તથા મોબાઈલની ચોરી કરેલ છે અને ચોરીનો મુદ્દામાલ સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે પોલીસે ફુલ સૈયદ સોસાયટીમાં તપાસ કરી નાનું ડ્રીલ મશીન, સ્ટેપ્લર, કટર મશીન, મોબાઈલ ફોન, સોનાની બુટ્ટી, લોખંડની જાળી, લોખંડની બારી મળી ૨૮,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

# શહેરા વન વિભાગે કાંકરી પાસેથી પંચરવ લાકડા ભરેલ ટ્રક અને ટેમ્પો ઝડપ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા વન વિભાગના આર.એફ.ઓ રોહિત પટેલએ પેટ્રોલિંગ દરમિયાન ઝોઝ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપરથી અને કાંકરી પાસેથી ગેરકાયદે લાકડા ભરેલ ટ્રક અને ટેમ્પો પકડી પાડયા હતા. વન વિભાગે બે વાહનો સાથે પંચરવ લાકડા મળી ને રૂપિયા ૯ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં પાસ પરમીટ વગર થતી લાકડાની હેરાફેરી અટકાવવા માટે વનવિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ તથા ફોરેસ્ટર આર.એસ.ચૌહાણ, એચ.કે.ગઢવી, એન.જી. સોલંકી સહિતના સ્ટાફ પેટ્રોલિંગ નિકળ્યા હતા. વન વિભાગની ટીમ એ શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપરથી પસાર થતી પંચરવ લાકડા ભરેલ ટ્રક નંબર.R.J 14.GJ.9745ને ઉભી રખાવી તેના ચાલક પાસે પાસે પરમીટ માગતા નહિ મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. તેજ રીતે કાંકરી રોડ ઉપર થી પણ પંચરવ લાકડા ભરેલ ટેમ્પો નંબર GJ.O7. X.0190 ઊભી રાખી પુછ પરછ કરતા તેના ચાલક પાસે લાકડા હેરા ફેરી કરવા માટે પાસ પરમીટ નહિ હોવાથી વન વિભાગની કચેરી ખાતે લાકડા ભરેલ વાહનને લાવીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. વન વિભાગ એ પંચરવ લાકડા ભરેલ ટ્રક અને ટેમ્પા સહિત રૂપિયા ૯ લાખનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. વન વિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા તાલુકામાં બે નંબર લાકડાની હેરાફેરી અટકાવવા માટે પાછલા ૧૫ દિવસમાં બે નંબરી ચાર લાકડાની ટ્રકો પકડી પાડતા લાકડા ચોરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ગ્રામ વિકાસ એજન્સી વડોદરા તાલુકા પંચાયત વિકાસ અધિકારી આઈઆરડી શાખાના કામદારને સરકારના પરિપત્રના લાભોનો આખરી આદેશ

ગોધરા,

વડોદરા જિલ્લામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાબા હેઠળની તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતની આર.આઈ.ડી. શાખામાં રોજમદાર તરીકે રાજુભાઈએ ભાલીયા તારીખ ૧/૭/૯૭ થી વોટર બેરર કમ પ્યુન તરીકેની ફરજમાં હાજર થયા હતા. જે તે સમયે તેઓને માસિક પગાર રૂપિયા ૩૦૦ ચૂકવવામાં આવતો હતો. ત્યારબાદ તારીખ ૩૦/૯/૯ તેઓને લઘુતમ વેતન ધારા મુજબ પગાર ચૂકવવાનું શરૂ કરે તે સિવાયના કોઈપણ પ્રકારના લાભો આ કામદારને આપવામાં આવતા ન હતા. આ જ પ્રકારની કચેરીમાં ફરજબજાવતા અન્ય કામદારોને સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો ચૂકવવામાં આવતા હતા. એ બાબતે અરજદારે જે તે સમયના અધિકારી સમક્ષ એ મુજબના પગાર લાભો મેળવવાની માંગણી કરે પરંતુ તેમની માંગણી લાંબા સમય સુધી સંતોષવામાં ન આવતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ પંચમહાલ કાલોલનો સંપર્ક કરી કચેરીના જે તે અધિકારીઓને ઉદેશીસરકારના પરિપત્રના લાભો આપવા માટેની માંગણી કરતો પત્ર પાઠવે એ પત્ર મળ્યા બાદ પણ સરકારી કચેરીના અધિકારીઓ દ્વારા કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ નહતો ના છૂટકે ફેડરેશને અરજદારને પરિપત્રના લાભો અપાવવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસસી એ નંબર ૩૧૯૨/૧૯ દાખલ કરી પરિપત્રના લાભોની માંગણી મેળવવા વિવાદ ઉપસ્થિત કરેલ અરજદાર તરફે આ કામે પડેલા પુરાવા આધારિત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૭/૭/૨૨ ના રોજ અરજદારની રોજમદાર તરીકે નોકરીની દાખલ તારીખનો સમય સળંગ ગણી સરકાર એ નિયત કરેલ પરિપત્ર મુજબના પૂરેપૂરા લાભો આપવાનો આખરી આદેશ ફરમાવતા આઈઆરડી શાખાના કામદારો તેમજ અરજદારના પરિવારમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે.

# ગોધરાના નદીસર પ્રા.શાળા દ્વારા બાળ મેળાનું આયોજન કરાયું

ગોધરા,

ગોધરા તાલુકાના નદીસર ગામે પ્રાથમિક શાળામાં આજે બાળ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો. બાળકો દ્વારા એક બીજાની મદદ થી વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ફૂલઘર, નાસ્તા સ્ટોલ, કટલરી સ્ટોલ, જાદુ સ્ટોલ, બુક સ્ટોલ,



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

લાઈફ સ્કીલ માટે રીપેરીંગ સ્ટોલ જેવા સ્ટોલ ઊભા કરી નહિ નફો નહિ નુકશાનના ધોરણે વેચાણ કરવામાં આવ્યું હતું.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબા તાલુકાના ગજાપુરા કાનપુર ગામે રહેતા મેહુલ તખતસિંહ સોલંકીનું ગામમાં આવેલું મકાન અચાનક ધરાસઈ થતા ઘર વખરી તેમજ અનાજ સહિત હજારો રૂપિયાનું નુકશાન થયું હતું. મેહુલ સોલંકી રાત્રિના સમયે વાડુ કરી મકાનમાં સુતા હતા. એ દરમિયાન રાત્રિના સમયે કંઈક અવાજ આવતા સફાળા જાગી ઘરની બહાર નિકળી ગયા બહાર નીકળતાની સાથે ધડાકા સાથે તૂટી પડતા ઘરમાં રહેલું અનાજ, કપડાં તેમજ ઘરવખરીને નુકશાન થયું હતું. ઘર તૂટી પડતા મેહુલ સોલંકી ઘર વિહોણા બનતા સગા સંબંધીઓ દ્વારા તેમને ઘરમાં આશરો આપ્યો હતો. આજરોજ સરપંચ તલાટી દ્વારા મકાનનું સર્વે કરી સરકારી લાભો મળે તેવા પ્રયત્નો હાથ ધર્યા હતા.**




**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આયોજિત શાળા વિકાસ સંકુલ મીટીંગ અને ઋણસ્વીકાર કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં માનનીય જિલ્લા શિક્ષણાધિકારી બી. એસ. પંચાલ દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર અને હંમેશા મદદરૂપ થનાર ૭૫ વ્યક્તિઓનો ઋણસ્વીકાર કાર્યક્રમ યોજાયો. જેમાં ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા ડો. સાયરાબાનું દુરવેશનું શિક્ષણ ક્ષેત્રે મહત્વનું યોગદાન આપવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.**